
દર્શન - ચારિત્ર મોહનીય - કષાય - નોકષાય - વેદની-
યાખ્યાસ્ત્રિદ્વિષોડશ - નવભેદાઃ સમ્યક્ત્વ - મિથ્યાત્વ
તદુભયાનિ, કષાય - નોકષાયાવનન્તાનુબન્ધ્યપ્રત્યાખ્યાન
પ્રત્યાખ્યાનાવરણ - સંજ્વલનવિકલ્પાશ્ચૈકશઃ ક્રોધ-
માન - માયા - લોભાઃ હાસ્યરત્યરતિ - શોક - ભય -
જુગુપ્સા - સ્ત્રી - પુંનપુંસકવેદાઃ ..... ૮-૧૦

દર્શન - ચારિત્રમોહનીય - કષાય - નોકષાયવેદનીયાખ્યાઃ
ત્રિ - દ્વિ - ષોડશ - નવભેદાઃ સમ્યક્ત્વ - મિથ્યાત્વ -
તદુભયાનિ, કષાયનોકષાયૌ અનન્તાનુબંધી -
અપ્રત્યાખ્યાન - પ્રત્યાખ્યાનાવરણ - સંજ્વલન -
વિકલ્પાઃ ચ એકશઃ ક્રોધ - માન - માયા - લોભાઃ
હાસ્ય - રતિ - અરતિ - શોક - ભય - જુગુપ્સા - સ્ત્રી -
પું - નપુંસકવેદાઃ ..... ૮-૧૦

સૂત્રાર્થ: દર્શનમોહનીય, ચારિત્રમોહનીય, કષાયમોહનીય, અને નોકષાય મોહનીયના અનુક્રમે ૩, ૨, ૧૬ અને ૯ ભેદો છે. સમ્યક્ત્વ, મિશ્ર અને મિથ્યાત્વ એ દર્શનમોહનીયના (3) ભેદ છે. કષાય અને નોકષાય એ ચારિત્ર મોહનીયના (2) ભેદ છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન એ ચાર ક્રોધ, માન માયા અને લોભ એમ ૧૬ ભેદો કષાયમોહનીયના છે. હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ એ નવ (9) નોકષાયમોહનીયના ભેદ છે.

ભાવાર્થ:


મોહનીય કર્મ
દર્શન મોહનીય (૩ ભેદ)
ચારિત્ર મોહનીય (૨૫ ભેદ)
સમ્યક્ત્વ મોહનીય
મિથ્યાત્વ મોહનીય
મિશ્ર મોહનીય
કષાય મોહનીય (૧૬)
નોકષાય મોહનીય (૯)
અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ (૪)
અપ્રત્યાખ્યાની ક્રોધ-માન-માયા-લોભ (૪)
પ્રત્યાખ્યાની ક્રોધ-માન-માયા-લોભ (૪)
સંજ્વલન ક્રોધ-માન માયા-લોભ (૪)
હાસ્ય રતિ અરતિ ભય શોક જુગુપ્સા (૬)
સ્ત્રીવેદ પુરુષવેદ નપુંસક વેદ (3)

મોહનીય કર્મ: મોહનીય કર્મનો સ્વભાવ મદિરા જેવો છે. જેમ મદિરાના નશામાં માણસ પોતાના હિત કે અહિતનું ભાન ભૂલી જાય છે, તેજ રીતે મોહનીય કર્મના ઉદયથી જીવને શ્રદ્ધામાં કે ચારિત્રમાં સમ્યક્ વિચાર કે વર્તનમાં મુંઝવે એટલે કે તત્ત્વાનુસારી વિચાર ન કરવા દે અથવા તત્ત્વાનુસારી વિચાર કરવા છતાં પણ તે મુજબ પ્રવૃત્તિ ન કરવા દે.

દર્શન મોહનીય:- જે પદાર્થ જેવો છે તેને તેવો જ જોવો તથા સમજવો તેને દર્શન કહે છે. સમ્યક્ અથવા તત્ત્વો પ્રત્યે શ્રદ્ધા ને દર્શન કહેવાય છે. દર્શન એ આત્માનો ગુણ છે તેનો ઘાત કરનાર કર્મો દર્શન મોહનીય કહેવાય છે.

નોંધ: આઠમા સૂત્રમાં જે "દર્શનાવરણ" આવે છે તે સામાન્ય ઉપયોગ રૂપ દર્શન છે જે "દર્શન" મોહનીયથી અલગ છે.

દર્શન મોહનીયના ત્રણ ભેદ જણાવ્યા છે:

(૧) સમ્યક્ત્વ મોહનીય:

જે કર્મપુદ્ગલોમાં અનુભાગ (રસ વિપાક) ની શક્તિ ઓછી હોય કે જેથી પ્રગટ થયેલા સમ્યક્ત્વ ગુણને સર્વથા રોકી ન શકે પરંતુ તેને દોષિત કરે, મલીન કરે, અતિચારે વાળુ કરે તે સમ્યક્ત્વ મોહનીય. એક સ્થાનક (એક ઠાણીયો) રસવાળા કર્મપુદ્ગલોને સમ્યક્ત્વ મોહનીય કહેવાય છે.

મિથ્યાત્વ મોહનીય: જે કર્મપુદ્ગલોમાં અનુભાગની એટલી શક્તિ હોય કે જેથી સમ્યક્ત્વ (યથાર્થ શ્રદ્ધા) પ્રગટ જ ન થવા દે. આ કર્મપુદ્ગલોમાં દ્વિ-સ્થાનક, ત્રિ-સ્થાનક અને ચતુઃસ્થાનક તીવ્ર(?) રસ હોય છે.

મિશ્ર મોહનીય: જે કર્મપુદ્ગલોમાં એટલી રસવિપાકની શક્તિ હોય કે યથાર્થ તત્ત્વો તરફ રુચિ કે અરુચિ ન થવા દે. અરિહંત જેવા ઉત્તમ દેવ-ગુરુ આદિ(?) સાચા તત્ત્વો વિષે આ જ સત્ય છે એવી શ્રદ્ધા ન થાય તેમ આ અસત્ય છે એવી પણ શ્રદ્ધા ન થાય પણ મિશ્રભાવ રહે તે મિશ્ર મોહનીય. આ કર્મ પુદ્ગલોમાં મધ્યમ બે સ્થાનિક રસ હોય છે.

ઉપર જણાવેલી ત્રણે દર્શન મોહનીયમાંથી ફક્ત મિથ્યાત્વ મોહનીય જ બંધાય છે. બાકીની બે (સમ્યક્ત્વ અને મિશ્ર મોહનીય) મિથ્યાત્વ ના પ્રદેશોમાં રસઘાત વગેરેથી - હીન રસ થવાથી બને છે. બંધમાં એક અને ઉદય-ઉદીરણા તથા સત્તામાં ત્રણે પ્રકૃતિઓ હોવાથી મોહનીય કર્મની બંધમાં ૨૬, ઉદય-ઉદીરણા અને સત્તામાં ૨૮ ગણાવવામાં આવે છે.

ચારિત્ર મોહનીય: જે ચારિત્રમાં હિંસાદિ પાપોથી નિવૃત્તિમાં મૂંઝવે, એટલે કે હિંસાદિ પાપોથી નિવૃત્ત ન થવા દે કે ચારિત્રમાં અતિચારો લગાડે તે ચારિત્ર મોહનીય કર્મ કહેવાય છે.

ચારિત્ર મોહનીયના મુખ્યત્વે બે ભેદ છે. કષાય મોહનીય અને નોકષાય મોહનીય.

**કષાય ચારિત્ર મોહનીય:** કષ એટલે સંસાર અને આય એટલે લાભ. જેનાથી સંસારનો લાભ થાય, સંસારમાં પરિભ્રમણ કરવું પડે તે કષાય મોહનીય.

**નોકષાય ચારિત્ર મોહનીય:** કષાયોને ઉત્પન્ન કરવામાં તથા ઉત્તેજિત કરવામાં જે સહાયક બને છે તેને નોકષાય કહે છે. અહીં "નો" નો અર્થ "સાથે રહેવું" છે. જે કષાયોની સાથે રહી પોતાનું ફળ બતાવે તે નોકષાય.

કષાય મોહનીયના ક્રોધ, માન, માયા અને લોભ એમ મુખ્ય ચાર ભેદો છે.

ક્રોધ:- આવેશ, ગુસ્સો, કોપ, રોષ, કજીયો, ઈર્ષ્યા, વૈમનસ્ય, અસૂયા, હૃદયમાં બળવાનો સ્વભાવ ક્રોધ કહેવાય છે.

માન:- અભિમાન, ગર્વ, અહંકાર, મોટાઈનો ભાવ, દર્પ, મદ ને માન કહેવાય છે.

માયા:- છેતરપિંડી, દંભ, કુટિલતા, વક્રવૃત્તિ, વંચના (ઠગાઈ) બનાવટ વગેરેને માયા કહેવાય છે.

લોભ:- મૂર્છા, મમતા, આસક્તિ, સ્નેહ, કામ, ઈચ્છા, ગૃદ્ધિ, આકાંક્ષા, અભિલાષા, મમત્વ, અભિષ્વંગ (આસક્તિ) વગેરે લોભના પ્રકારો છે.

આ ચાર કષાયોમાંથી ક્રોધ અને માન અપ્રીતિજનક છે. માટે દ્વેષમાં અંતર્ગત થાય છે.

| ક્રોધ + માન = દ્વેષ |
|---|

માયા અને લોભ પ્રીતિજનક હોવાથી રાગમાં અંતર્ગત થાય છે.

| માયા + લોભ = રાગ |
|---|

તારતમ્યપણું ક્રોધ-માન-માયા-લોભ આ ચાર જ કષાયો છે તો પણ તે ચારેમાંથી હોય કોય ના તરતમપણું (તીવ્ર-મંદ પણું) ચાર ચાર ભેદો હોવાથી ૪×૪=૧૬ ભેદો થાય છે. તીવ્ર-મંદતાની અપેક્ષાએ તેના ચાર પ્રકારો અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન કહેવાય છે.

(૧) અનંતાનુબંધી: જે કષાયોના ઉદયથી મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉદય થાય તે અનંતાનુબંધી. અનંત- આ કષાય સમ્યક્ત્વ ગુણનો ઘાતક છે. આ કષાયો અનંત સંસારનો અનુબંધ (પરંપરા) કરાવનાર હોવાથી અનંતાનુબંધી કહેવાય છે. મરણપર્યંત રહેનાર છે અને પ્રાય: જીવને નરકગતિમાં લઈ જાય છે. પહેલા બે ગુણસ્થાનક સુધી હોય છે.

અનંતાનુબંધી ક્રોધ પર્વતની રેખા સમાન છે. જેમ પર્વતમાં પડેલી ફાટ પૂરવી અશક્ય છે તેમ અનંતાનુબંધી ક્રોધના ઉદયને દૂર કરવો અશક્ય છે. અગ્નિશર્માનો ક્રોધ અનંતાનુબંધી હતો.

અનંતાનુબંધી માન:- પત્થરના થાંભલા (સ્તંભ) સમાન છે. જેમ પત્થરનો થાંભલો કોઈપણ રીતે નમતો નથી, બહુ જોર કરો તો તૂટી જાય પણ નમે તો નહીં જ. તેવી જ રીતે આ માનવાળો આત્મા મૃત્યુ પર્યન્ત પોતાનું માન છોડતો નથી વટની ખાતર પ્રાણ જાય તે પણ માન ન છોડે.

અનંતાનુબંધી માયા: કઠણ વાંસના મૂળિયા સમાન છે. ધરતીમાં ઉગેલા વાંસના મૂળ ઘણાં મજબૂત અને અતિવક્ર હોય છે. તેની વક્રતા દૂર થઈ શકતી નથી તેમ માયાવી જીવ વક્ર હોય છે.

અનંતાનુબંધી લોભ: કીરમજના રંગ જેવો છે. જેમ વસ્ત્રમાં લાગેલ કીરમજ રંગ વસ્ત્ર નાશ પામે ત્યાં સુધી રહે છે તેમ આ લોભ પ્રાય: જીવ મરે ત્યાં સુધી રહે છે.

(૨) અપ્રત્યાખ્યાની: જે કષાયથી વિરતિને રોકે, કોઈપણ જાતના પાપથી વિરતિ ન લેવા દે તે અપ્રત્યાખ્યાની. આ કષાયના ઉદયથી જીવને વિરતિના પરિણામ ન થાય અથવા પરિણામ થયા હોય, પુરુષાર્થ કરે તો પણ પ્રત્યાખ્યાન લેવા ન દે.

અપ્રત્યાખ્યાની ક્રોધ:- પૃથ્વીમાં પડેલી રેખા સમાન છે. જેમ પૃથ્વીમાં પડેલી તિરાડ (crack) કષ્ટે કરી વરસાદથી પુરાય છે તેમ અપ્રત્યાખ્યાની ક્રોધ થોડા કષ્ટથી અને ઉપાયથી દૂર થાય છે. વધારેમાં ૧ વર્ષ ચાલે છે. પ્રાય: તિર્યંચગતિ પ્રાપ્ત કરાવે છે.

અપ્રત્યાખ્યાની માન: લાકડા સમાન છે. જેમ લાકડું મહાકષ્ટથી વળે છે તેમ અપ્રત્યાખ્યાની માન વાળો જીવ ઘણું સમજાવવાથી મહાકષ્ટે વળે છે.

અપ્રત્યાખ્યાની માયા:- ઘેટાના શિંગડા સમાન છે. જેમ ઘેટાના શિંગડાની વક્રતા મહાકષ્ટથી દૂર થાય છે તેમ આ માયા પણ કષ્ટથી દૂર થાય છે

અપ્રત્યાખ્યાની લોભ: ગાડાના પૈડાની મળી સમાન છે. ગાડાના પૈડામાં વપરાતા ઊંજણના તેલથી બનેલો કાળો મેલ જેને મળી કહે છે. વસ્ત્રમાં લાગેલા મળીના ડાઘ મહાકષ્ટે જાય છે તેમ આ પ્રકારનો લોભ પણ મહાકષ્ટે જાય છે.

(૩) પ્રત્યાખ્યાનાવરણ:- સર્વવિરતિના પચ્ચખાણોને જે કષાય આવૃત્ત કરે (ઢાંકી દે) તે પ્રત્યાખ્યાનાવરણ. આ કષાય માત્ર સર્વત્યાગને રોકે છે પણ દેશત્યાગ (આંશિક ત્યાગ)ને આવૃત્ત કરતો નથી. ચારિત્રને સ્વીકારવાની ઇચ્છા હોવા છતાં આ કષાયના ઉદયથી જીવ ચારિત્ર ગ્રહણ કરી શકતો નથી. અપ્રત્યાખ્યાની કરતા આ કષાય મંદ છે.

પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ: રેતીની રેખા સમાન છે. જેમ રેતીમાં પડેલી રેખા પવનનો ઝોકો લાગતાં થોડા સમયમાં નાશ પામે છે તેમ આ ક્રોધ પણ થોડા સમયમાં નાશ પામે છે.

પ્રત્યાખ્યાનાવરણ માન: કાષ્ઠની સોટી જેવો છે. જેમ કાષ્ઠને વાળવામાં થોડું કષ્ટ પડે છે તેમ પ્રત્યાખ્યાનાવરણ માનના ઉદયવાળો જીવ થોડો પ્રયત્ન કરવાથી નમે છે.

પ્રત્યાખ્યાનાવરણી માયા :- બળદની મૂત્રધાર સમાન છે. ગાડે જોડેલા બળદ ચાલતા ચાલતા મૂત્રધાર કરે છે અને ગતિના કારણે ધારા વાંકાચૂકાવાળી હોય છે. મૂત્રની ધારા તાપ, પવન વગેરેથી થોડા દિવસો બાદ નાશ પામે છે તેમ આ માયા થોડા દિવસો બાદ નાશ પામે છે.

પ્રત્યાખ્યાનાવરણી લોભ :- દીવાની મેશ અથવા કાજળ સમાન છે. જેમ આંખમાં આંજવાના કાજળનો રંગ કપડા ઉપર લાગ્યો હોય તો થોડા કષ્ટથી દૂર થાય છે તેમ આ લોભ પણ થોડા કષ્ટથી જાય છે.

(૪) સંજ્વલન જે પ્રકારના ઉદયથી ચારિત્રમાં અતિચારો લાગે તે સંજ્વલન. સંજ્વલન એટલે બાળનાર અથવા પ્રજ્વલિત કરનાર. આ પ્રકારના ઉદયથી આત્મા યથાખ્યાત (જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે તેવું નિરતિચાર ચારિત્ર) ચારિત્ર પ્રાપ્ત કરતું નથી પરંતુ અતિચારોથી મલિન ચારિત્ર પ્રાપ્ત કરે છે.

સંજ્વલન ક્રોધ : જળરેખા સમાન છે. જેમ લાકડીના પ્રહાર આદિથી પાણીમાં પડેલી રેખા પડતાંની સાથે જ વિના પ્રયત્ને નાશ પામે છે તેમ સંજ્વલન ક્રોધ તુર્ત જ નાશ પામે છે.

સંજ્વલન માન :- નેતરની સોટી સમાન છે. જેમ નેતર સહેલાઈથી વાળી શકાય છે તેમ સંજ્વલન માનના ઉદયવાળો અલ્પ થોડું ય સમજાવતા પોતાની અક્કડતા છોડી દે છે. જેમ બ્રાહ્મી-સુંદરીના શબ્દો સાંભળી બાહુબલિનું માન ઓગળી ગયું તેમ.

સંજ્વલન માયા: ઇન્દ્રધનુષ્યની (Rainbow) રેખા સમાન છે. જેમ આકાશમાં દેખાતી ઇન્દ્રધનુષ્યની રેખા થોડા સમયમાં જ નાશ પામે છે. અથવા વાંસની સોટી વાંકી હોય તો તેને દબાવીને જ વિના પરિશ્રમે સીધી કરી શકાય છે. તેમ સંજ્વલન માયા વિના પરિશ્રમે નાશ થઈ શકે છે.

સંજ્વલન લોભ:- હળદરના રંગ જેવો છે. જેમ હળદરનો રંગ સાબુથી ધોતાં કપડામાં સહેલાઇથી સાવ જ ઉડી જાય છે તેમ સંજ્વલન લોભ જ્ઞાની ગુરુનો સાથ હોતાં જલ્દી ચાલ્યો જાય છે.

× × ×

શંકા:- રતિ એટલે પ્રીતિ - સુખની પ્રાપ્તિ. સાતાવેદનીય કર્મના ઉદયથી પણ જીવને સુખની પ્રાપ્તિ થાય છે. તો સાતાવેદનીય અને રતિમોહનીય કર્મમાં તફાવત શું?

સમાધાન: પુદ્ગલના ઉદયથી સુખ અને દુઃખના સાધનો મળવા અને તેનાથી સુખ-દુઃખનો અનુભવ થવો તે સાતાવેદનીય અને અસાતાવેદનીય કર્મનો વિષય છે. પરંતુ મળેલા સાધનોથી પ્રાપ્ત થતા સુખ + દુઃખમાં સુખબુદ્ધિ અને દુઃખબુદ્ધિ તે રતિ-અરતિ મોહનીય કર્મનો વિષય છે.

૩૪ અતિશયોનો વૈભવ હોવા છતાં તીર્થંકર ભગવંતોને રતિ થતાં નથી. ખંધક મુનિના શિષ્યો ઘાણીમાં પીલાયા છતાં મનમાં અપ્રસન્નતા અરતિ થતાં નથી.

બંને ઉદાહરણોમાં એકમાં અતિ સુખ અને બીજામાં અતિ દુઃખ છે પરંતુ રતિ કે અરતિ નથી,

**શંકા:** અમુક પ્રકારના કષાય વાળો જીવ મૃત્યુ પામી અમુક ગતિમાં જાય એવો નિયમ ખરો?

**સમાધાન:** ના. એવો કોઈ ચોક્કસ નિયમ નથી. મૃત્યુ પછી જીવ કઈ ગતિમાં જાય તેનો આધાર આયુષ્યના બંધ વખતે કેવા પ્રકારના કષાયનો ઉદય છે તેના ઉપર છે.

જો આયુષ્યના બંધ વખતે અનંતાનુબંધીનો કષાય અતિતીવ્ર હોય તો નરકગતિનું આયુષ્ય બંધાય. જો આ જ કષાય મધ્યમ હોય તો તિર્યંચ કે મનુષ્ય ગતિનું આયુષ્ય બંધાય. જો આ કષાયો અતિમંદ હોય તો દેવગતિનું આયુષ્ય પણ બંધાય.

અપ્રત્યાખ્યાની કષાય વખતે દેવો તથા નારકોને આયુષ્યનો બંધ પડે તો મનુષ્યગતિનું આયુષ્ય બંધાય.

પ્રત્યાખ્યાની અને સંજ્વલન એ બે પ્રકારના કષાયના ઉદય વખતે આયુષ્ય બંધાય તો નિયમા દેવગતિનું જ આયુષ્ય બંધાય.

ટૂંકમાં જીવનો મૃત્યુ પછી જે ગતિ થાય તેનો આધાર મૃત્યુ વખતે કયા પ્રકારના ભાવો છે તેના ઉપર નથી, પરંતુ આયુષ્યનો બંધ પડે ત્યારે કેવા પ્રકારના ભાવો છે તેના ઉપર છે.

આયુષ્ય ક્યારે બંધાય તેની જીવને ખબર પડતી નથી. એટલે સદ્‌ગતિની પ્રાપ્તિ માટે આત્માના અધ્યવસાયો શુભ રહેવા જોઈએ.

નારક - તૈર્યગ્યોન - માનુષ - દૈવાનિ —— ૮-૧૧
નારક - તૈર્યગ્યોન - માનુષ - દૈવાનિ .... ૮-૧૧
નારક - તૈર્યગ્યોન - માનુષ - દૈવાનિ —— ૮-૧૧

સૂત્રાર્થ: નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એમ આયુષ્યના ચાર પ્રકાર છે.

ભાવાર્થ: કોઈપણ એક ભવમાં જીવ જીવાડે, પકડી રાખે, નીકળવા ન દે તે આયુષ્ય કર્મ કહેવાય છે. જે આયુષ્યકર્મ જીવને નરકના ભવમાં જીવાડે, પકડી રાખે ત્યાંથી નીકળવા ન દે તે નરકાયુષ્ય. એ જ રીતે તિર્યંચના ભવમાં જીવાડનાર તે તિર્યંચઆયુષ્ય. મનુષ્યના ભવમાં જીવાડનાર તે મનુષ્ય આયુષ્ય અને દેવના ભવમાં જીવાડનાર તે દેવાયુષ્ય કર્મ કહેવાય છે.

આયુષ્ય કર્મ બાકી હોય તો અગ્નિસ્નાન કરે અથવા પાણીમાં ડુબીને જીવનનો અંત લાવવાનો પ્રયત્ન કરે તો પણ મૃત્યુ ન પામે. તે જ પ્રમાણે આયુષ્ય પૂર્ણ થવાનું હોય તો બચવાના સેંકડો ઉપાય કરે તો પણ ન બચે.

આયુષ્ય કર્મ ભવમાં પ્રતિબંધ કરનારું હોવાથી "ભવવિપાકી" કહેવાય છે. ચાલુ ભવનું આયુષ્ય સાથે લઈને પરભવમાં જવાતું નથી. તેથી શસ્ત્રના ઘા હો કે આગ લાગી હો અથવા પાણીના પૂરમાં તણાવા આદિથી જ્યારે અકાળે મૃત્યુ થાય છે ત્યારે પણ તે ભવનું આયુષ્ય જે લાંબા કાળ સુધી ભોગવવાનું હતું તે બધું જ દોરડાના ગુંચળાની જેમ તરત ભોગવાઈ જાય છે. જેમ દોરડું ક્રમશઃ બાળવામાં આવે તો વધારે કાળ (સમય) લાગે પરંતુ તે જ દોરડાનું ગુંચળું વાળીને આગમાં નાખીએ તો તરત બળે. બંનેમાં બળવાનું કામ સરખું થાય છે માત્ર કાળ ઓછો લાગે. આવા આયુષ્યને અપવર્તનીય આયુષ્ય કહેવાય છે. નિમિત્ત મળવા છતાં મૃત્યુ ન થાય અને પૂરેપૂરા કાળે ભોગવાય તે અનપવર્તનીય આયુષ્ય કહેવાય છે. મરવામાં નિમિત્ત મળે તે સોપક્રમ અને નિમિત્ત વિના સહજ રીતે મૃત્યુ પામે તે નિરુપક્રમ કહેવાય છે. અપવર્તનીય આયુષ્ય નિયમા સોપક્રમ જ હોય છે જ્યારે અનપવર્તનીય આયુષ્ય સોપક્રમ અને નિરુપક્રમ બંને પ્રકારનું હોય છે.

ગતિ-જાતિ-શરીરાંગોપાંગ-નિર્માણ-બંધન-સંઘાત-
સંસ્થાન-સંહનન-સ્પર્શ-રસ-ગંધ-વર્ણાનુપૂર્વ્યગુરુલઘૂ-
-પઘાત પરાઘાતાતપોદ્યોતોચ્છ્વાસ-વિહાયોગતયઃ પ્રત્યેક-
શરીર-ત્રસસુભગસુસ્વર-શુભ-સૂક્ષ્મ-પર્યાપ્તસ્થિરાદેય
યશાંસિ સેતરાણિ તીર્થકૃત્વં ચ ------ ૮-૧૨

ગતિ-જાતિ-શરીર-અંગોપાંગ-નિર્માણ-બંધન-સંઘાત-
સંસ્થાન-સંહનન-સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-આનુપૂર્વી-
અગુરુલઘુ-ઉપઘાત-પરાઘાત-આતપ-ઉદ્યોત-ઉચ્છ્વાસ
વિહાયોગતયઃ પ્રત્યેકશરીર-ત્રસ-સુભગ-સુસ્વર-
શુભ-સૂક્ષ્મ-પર્યાપ્ત-સ્થિર-આદેય-યશાંસિ
સેતરાણિ તીર્થકૃત્વં ચ - - - - ૮-૧૨

સૂત્રાર્થ: (તત્ત્વાર્થ સૂત્રના મૂળ સૂત્ર પ્રમાણે નામ કર્મના ૪૨ ભેદ)
(૧) ગતિ (૨) જાતિ (૩) શરીર (૪) અંગોપાંગ (૫) નિર્માણ
(૬) બંધન (૭) સંઘાત (૮) સંસ્થાન (૯) સંહનન (૧૦) સ્પર્શ
(૧૧) રસ (૧૨) ગંધ (૧૩) વર્ણ (૧૪) આનુપૂર્વી
(૧૫) અગુરુલઘુ (૧૬) ઉપઘાત (૧૭) પરાઘાત (૧૮) આતપ
(૧૯) ઉદ્યોત (૨૦) ઉચ્છ્વાસ (૨૧) વિહાયોગતિ તથા
પ્રતિપક્ષી પ્રકૃતિઓ સહિત (૨૨) પ્રત્યેક અને (૨૩) સાધારણ
(૨૪) ત્રસ અને (૨૫) સ્થાવર (૨૬) સુભગ અને (૨૭) દુર્ભગ
(૨૮) સુસ્વર અને (૨૯) દુઃસ્વર (૩૦) શુભ અને (૩૧) અશુભ
(૩૨) સૂક્ષ્મ અને (૩૩) બાદર (૩૪) પર્યાપ્ત અને (૩૫) અપર્યાપ્ત
(૩૬) સ્થિર અને (૩૭) અસ્થિર (૩૮) આદેય અને (૩૯) અનાદેય
(૪૦) યશ અને (૪૧) અયશ તથા (૪૨) તીર્થંકરપણું
એમ નામ કર્મના ૪૨ ભેદો છે.

આપણે કર્મ ગ્રંથના આધારે નામ કર્મની પ્રકૃતિઓ સમજીએ.
નામ કર્મની પ્રકૃતિઓના મુખ્ય ચાર વિભાગ છે.
(૧) પિંડ પ્રકૃતિ - ૧૪ (૨) પ્રત્યેક પ્રકૃતિ - ૮ (૩) ત્રસ દશક - ૧૦ અને (૪) સ્થાવર દશક - ૧૦ એમ ૧૪+૮+૧૦+૧૦ = ૪૨

(૧) પિંડ પ્રકૃતિ: ગતિ, જાતિ, શરીર વગેરે પ્રકૃતિઓના ઘણાં પિંડ (સમૂહ) હોય તે પિંડ પ્રકૃતિ. કુલ ૧૪ છે.
(૨) પ્રત્યેક પ્રકૃતિ: જે એક એક હોય તે કુલ ૮ છે.
(૩) ત્રસ દશક: ત્રસ નામ કર્મ વગેરે ૧૦ પુણ્ય પ્રકૃતિઓ.
(૪) સ્થાવર દશક: સ્થાવર નામ કર્મ વગેરે ૧૦ પાપ પ્રકૃતિઓ.

નામ કર્મ

| પિંડ પ્રકૃતિ (૧૪) | પ્રત્યેક પ્રકૃતિ (૮) | ત્રસ દશક (૧૦) | સ્થાવર દશક (૧૦) |
|---|---|---|---|
| ૧) ગતિનામ કર્મ | ૧) પરાઘાત | ૧) ત્રસ | (૧) સ્થાવર |
| ૨) જાતિનામ કર્મ | ૨) ઉચ્છ્વાસ | ૨) બાદર | (૨) સૂક્ષ્મ |
| ૩) શરીર નામ કર્મ | ૩) આતપ | ૩) પર્યાપ્ત | (૩) અપર્યાપ્ત |
| ૪) અંગોપાંગ નામ કર્મ | ૪) ઉદ્યોત | ૪) પ્રત્યેક | (૪) સાધારણ |
| ૫) બંધન નામ કર્મ | ૫) અગુરુલઘુ | ૫) સ્થિર | (૫) અસ્થિર |
| ૬) સંઘાતન નામ કર્મ | ૬) તીર્થંકર | (૬) શુભ | (૬) અશુભ |
| ૭) સંઘયણ નામ કર્મ | ૭) નિર્માણ | (૭) સૌભાગ્ય | (૭) દૌર્ભાગ્ય |
| ૮) સંસ્થાન નામ કર્મ | ૮) ઉપઘાત | (૮) સુસ્વર | (૮) દુઃસ્વર |
| ૯) વર્ણ નામ કર્મ | | (૯) આદેય | (૯) અનાદેય |
| ૧૦) ગંધ નામ કર્મ | | (૧૦) યશ | (૧૦) અપયશ |
| ૧૧) રસ નામ કર્મ | | | |
| ૧૨) સ્પર્શ નામ કર્મ | | | |
| ૧૩) આનુપૂર્વી નામ કર્મ | | | |
| ૧૪) વિહાયોગતિ નામ કર્મ | | | |

ઉપર મુજબ નામ કર્મના ૧૪+૮+૧૦+૧૦=૪૨ ભેદ છે. તેમાં કેટલાના ભેદ-પ્રતિભેદો ગણીએ તો ૪૨ ના જ ૬૭-૯૩-૧૦૩ ભેદો પણ થાય છે.

હવે પિંડપ્રકૃતિઓના ૧૪ ભેદો સમજીએ.

(૧) ગતિ નામકર્મ: ગમન કરવું તે ગતિ. જે કર્મના ઉદયથી આત્માને નરકાદિ ભવ તરફ ગમન કરવું પડે તે ગતિનામકર્મ. તેના ચાર ભેદ છે. ૧, નરકગતિ નામકર્મ (૨) તિર્યંચગતિ નામકર્મ ૩, મનુષ્યગતિ નામકર્મ અને ૪, દેવગતિ નામકર્મ

(૨) જાતિ નામ કર્મ: જે કર્મના ઉદયથી જીવને એકેન્દ્રિય, બેઇન્દ્રિય આદિ કહેવાય તેને જાતિ નામ કર્મ કહેવાય છે. જાતિ નામ કર્મના ઉદયથી સમાન ચૈતન્ય ની પ્રાપ્તિ થાય છે. એકેન્દ્રિય જાતિ નામ કર્મનો ઉદય હોવાથી ગમે તેવા જ્ઞાની આત્માને પણ એકેન્દ્રિય જીવોની ભૂમિકા જેટલું જ જ્ઞાન રહે છે. એવી જ રીતે એકેન્દ્રિયમાંથી નીકળીને પંચેન્દ્રિયમાં આવનાર જીવને પંચેન્દ્રિય જાતિ નામકર્મનો ઉદય હોવાથી ગમે તેવો પાપી અથવા ચીકણાંગ હોય તો પણ પંચેન્દ્રિયની ભૂમિકાને ઉચિત જ ચૈતન્યની પ્રાપ્તિ થાય છે.

(૩) શરીર નામ કર્મ: પુદ્ગલોની આકૃતિ રૂપે જે રચાય અને નાશ પામે તેનું નામ શરીર. આવું શરીર જે કર્મના ઉદયથી મળે તે શરીર નામકર્મ. તેના પાંચ ભેદ છે. (૧) ઔદારિક શરીર નામકર્મ (૨) વૈક્રિય શરીર નામકર્મ (૩) આહારક શરીર નામકર્મ (૪) તૈજસ શરીર નામકર્મ અને (૫) કાર્મણ શરીર નામકર્મ

(૪) અંગોપાંગ નામ કર્મ:- શરીરમાં અંગ, ઉપાંગ અને અંગોપાંગ ની પ્રાપ્તિ જે કર્મના ઉદયથી થાય છે તેને અંગોપાંગ નામકર્મ કહેવાય છે. શરીરના મુખ્ય અવયવો ને અંગ કહેવાય છે. તેના પેટા અંગો ને ઉપાંગ કહેવાય છે અને તેના પણ પેટા ભેદ રૂપ અંગો ને અંગોપાંગ કહેવાય છે. જેમ કે શરીરમાં અંગો આઠ છે. (૧-૨) બે હાથ, (૩-૪) બે પગ, (૫) પીઠ (૬) શિર (૭) છાતી (૮) પેટ (ઉદર)

આ આઠ અંગોના પેટાભેદ તે ઉપાંગ. જેમ કે હાથનાં આંગળીઓ, હથેળી, કાંડુ વગેરે ઉપાંગ કહેવાય છે. વળી આંગળીઓના પણ પેટાભેદ જેમ કે વેઢા વગેરેને અંગોપાંગ કહેવાય છે.

આવા પ્રકારના અંગો, ઉપાંગો અને અંગોપાંગોની રચના માત્ર પ્રથમના ત્રણ શરીરોમાં જ હોય છે. તૈજસ-કાર્મણ શરીર આત્મપ્રદેશોની સાથે ક્ષીરનીર અને લોહાગ્નિની જેમ વ્યાપ્ત હોવાથી તે શરીરોમાં સ્વતંત્ર પણે અંગ-ઉપાંગ હોતા નથી. સંસારિક સુખ દુઃખના ભોગનું સાધન માત્ર પ્રથમના ત્રણ જ શરીરો છે તેથી અંગોપાંગ નામ કર્મના ભેદો પણ ત્રણ છે. ૧, ઔદારિક અંગોપાંગ નામકર્મ ૨, વૈક્રિય અંગોપાંગ નામકર્મ અને ૩, આહારક અંગોપાંગ નામકર્મ.

(૫) બંધન નામકર્મ: પ્રતિસમયે ગ્રહણ કરાતા અને પૂર્વે ગ્રહણ કરેલા એવા શરીર યોગ્ય પુદ્ગલોને જતુ (લાખ) અને કાષ્ઠની જેમ પરસ્પર જોડાજોડ કરવા, તન્મય કરવા તે બંધન. આવું બંધન જે કર્મના ઉદયથી બદ્ધ થઈ શકે તે કર્મને બંધન નામકર્મ કહેવાય છે.

પુદ્ગલોનું બનેલું આ શરીર છે તે પૂર્વે ગ્રહણ કરેલા પુદ્ગલો છે. પ્રતિસમયે તે શરીરમાં આહારાદિના જે પુદ્ગલો ઉમેરાય છે તે ગ્રહણ કરાતા પુદ્ગલો છે. તે બંનેનું જોડીકરણ થતા માંસ, રુધિર વર્ણ આદિની વૃદ્ધિ થાય છે. આ રીતે જોડીકરણ કરનારું જે કર્મ તે બંધન નામકર્મ. શરીર પાંચ છે એટલે બંધન પણ પાંચ છે. ૧, ઔદારિક બંધન નામકર્મ ૨, વૈક્રિય બંધન નામકર્મ ૩, આહારક બંધન નામકર્મ ૪, તૈજસ બંધન નામકર્મ અને ૫, કાર્મણ બંધન નામકર્મ.

(૬) સંઘાત નામકર્મ: સંઘાત એટલે પિંડરૂપે સંઘટિત કરવું. જેમ દંતાળી થી ઘાસ એકઠું થાય છે. (ઘાસના પૂળાને એકઠા કરી દબાવી નાની ઢગલી બનાવાય છે) તેમ જે કર્મના ઉદયથી ગ્રહણ કરેલા ઔદારિક શરીરના પુદ્ગલો પિંડરૂપે સંઘટિત કરાય છે તે ઔદારિક સંઘાત નામકર્મ. સંઘાતના પાંચ ભેદો છે. ૧, ઔદારિક સંઘાત ૨, વૈક્રિય સંઘાત ૩, આહારક સંઘાત ૪, તૈજસ સંઘાત અને (૫) કાર્મણ સંઘાત.

શંકા: શરીર નામકર્મ એટલે જ શરીરને યોગ્ય પુદ્ગલોને એકઠા કરીને શરીરની રચના કરવી. આ અર્થમાં સંઘાતનો અર્થ શરીર નામકર્મમાં જ સમાઈ જાય છે. તો પછી સંઘાત નામ કર્મ જુદુ માનવાની શી જરૂર ?

સમાધાન: પ્રશ્ન તદ્દન વ્યાજબી છે. શરીરને યોગ્ય પુદ્ગલોનું ગ્રહણ શરીર નામકર્મથી જ થાય છે, પરંતુ પરિમિત પ્રમાણના જ પુદ્ગલોના જથ્થાનું ગ્રહણ કરવાનું કામ સંઘાત નામકર્મ કરે છે. તેથી જ તિર્યંચો કે મનુષ્યોને ઔદારિક નામકર્મ સરખુ હોવા છતાં પણ એકનું શરીર ઓછુવડીયું (ઓછા જથ્થાથી બનેલું) અને બીજાનું શરીર ભરાવદાર (ઘણા જથ્થાથી બનેલું) હોય છે. આ કારણોથી સંઘાત નામકર્મનું છે.

(૭) સંઘયણ નામકર્મ: સંઘયણ અથવા સંહનન એટલે શરીરમાં હાડકાંની વિશિષ્ટ રચના. તેના છ ભેદ છે. ૧, વજ્ર ઋષભ નારાચ ૨, ઋષભનારાચ ૩, નારાચ ૪, અર્ધનારાચ ૫, કીલિકા અને ૬, સેવાર્ત અથવા છેવટ્ઠું. વજ્ર એટલે ખીલી, ઋષભ એટલે પાટો અને નારાચ એટલે વિશિષ્ટ પ્રકારનું બંધન, જેને મર્કટબંધ કહેવામાં આવે છે. જેમ વાંદરાનું બચ્ચુ તેની માતાના પેટે એવું વળગે છે કે વાંદરી કુદાકુદ કરે તો પણ પડે નહિ તેને મર્કટ બંધ કહેવાય છે.

વજ્રઋષભનારાચ સંઘયણ: જે શરીરમાં સાંધાવાળા ભાગના બંને હાડકા સામ સામે એકબીજાને આરપાર પટ્ટી વીંટાયેલા હોય. આ સર્વને વીંધીને આરપાર ખીલી મારેલી હોય. આવા પ્રકારનું અતિશય મજબૂત સંઘયણ.

ઋષભનારાચ સંઘયણ: જેમાં બે હાડકા પરસ્પર મર્કટબંધથી બંધાયેલા હોય, અને બે હાડકાઓની ઉપર ત્રીજું હાડકુ પાટાની જેમ વીંટાયેલુ હોય. નારાચ અને ઋષભ બે જ હોય પણ વજ્ર (ખીલી) ન હોય તેવી આકૃતિઓની રચના તે ઋષભનારાચ.

નારાચ સંઘયણ: જેમાં વજ્ર કે ઋષભ ન હોય, માત્ર નારાચ જ હોય.

અર્ધનારાચ સંઘયણ: જ્યાં બે હાડકાની વચ્ચે એક બાજુ મર્કટબંધ હોય, પરંતુ બીજી બાજુ મર્કટબંધ ન હોય, બંને હાડકા સ્વતંત્ર માત્ર હોય તેવી મજબૂતાઈવાળી હાડકાની રચના.

કીલિકા સંઘયણ: જ્યાં બે હાડકાની વચ્ચે મર્કટબંધ ન હોય, પાટો પણ ન હોય માત્ર સાંકળીની જેમ ખીલી જ મારેલી હોય.

સેવાર્ત અથવા છેદસ્પૃષ્ટ સંઘયણ: જ્યાં મર્કટબંધ, પાટો કે ખીલાના આકારના જેવા હાડકા આરપાર નથી. માત્ર બે હાડકાના છેડા અડીને જ રહેલા છે. જરાક ધક્કો મારતા છટકી જાય. છેદ એટલે છેડા અને સ્પૃષ્ટ એટલે અડેલા. જ્યાં છેડા માત્ર અડેલા છે તેથી છેદસ્પૃષ્ટ નામ આપ્યું.

ઉપર જણાવેલા ૬ સંઘયણો મનુષ્ય-તિર્યંચોને જ હોય છે. દેવ-નારકી અને એકેન્દ્રિય જીવોને હાડકા જ શરીરમાં ન હોવાથી સંઘયણ હોતા નથી.

વિકલેન્દ્રિય જીવોને માત્ર છેવટ્ઠું (સેવાર્ત) જ સંઘયણ હોય છે. મનુષ્ય અને તિર્યંચના વૈક્રિય શરીરમાં અને યુગલિક મનુષ્યોના આહારક શરીરમાં પણ હાડકાં ન હોવાથી સંઘયણ હોતા નથી.

(૮) સંસ્થાન નામ કર્મ: સંસ્થાન એટલે શરીરની બાહ્ય આકૃતિ. સંસ્થાનના છ ભેદ છે 1, સમચતુરસ્ત્ર 2, ન્યગ્રોધપરિમંડલ 3, સાદિ ૪, કુબ્જ ૫, વામન અને ૬, હુંડક

સમચતુરસ્ત્ર: શરીરના સઘળા અવયવો સામુદ્રિક શાસ્ત્રમાં કહ્યા મુજબના પ્રમાણયુક્ત હોય અર્થાત્ પર્યંકાસને બેઠેલા પુરુષના બે ઢીંચણનું અંતર, ડાબા ખભા અને જમણા ઢીંચણનું અંતર, જમણા ખભા અને ડાબા ઢીંચણનું અંતર, પલાંઠીના મધ્યભાગથી લલાટ સુધીનું અંતર એમ ચારે અંતર સમાન હોય તે સમચતુરસ્ત્ર સંસ્થાન કહેવાય છે. તેને અપાવનારું કર્મ સમચતુરસ્ત્ર સંસ્થાન* નામકર્મ કહેવાય છે. એ પ્રમાણે અન્ય સંસ્થાનની વ્યાખ્યા પ્રમાણે નામકર્મ સમજી લેવું.

ન્યગ્રોધપરિમંડલ: ન્યગ્રોધ એટલે વડલાનું વૃક્ષ. પરિમંડલ એટલે તેના જેવો આકાર. જેમ વડલાનું વૃક્ષ ઉપરથી ઘટાદાર હોવાથી શોભાયમાન છે પરંતુ નીચે વડવાઈઓ (શાખાઓ) લટકતી હોવાથી શોભાયમાન નથી. તેમ શરીરનો નાભિથી ઉપરનો ભાગ સુંદર અને પ્રમાણયુક્ત હોય અને નીચેનો ભાગ પ્રમાણ વિનાનો હોય તેને ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન કહેવાય છે.

* શાંતિનાથ ભગવાનના ચૈત્યવંદનમાં આવે છે:
"ચાલીસ ધનુષની દેહડી એ સમચઉરસ સંઠાણ"

સાદિ સંસ્થાન: શરીરમાં નાભિથી ઉપરનો ભાગ લક્ષણ અને પ્રમાણ વિનાનો હોય અને નાભિથી નીચેનો ભાગ લક્ષણોથી અને પ્રમાણથી યુક્ત હોય તે સાદિસંસ્થાન. સાદિ એટલે નીચેનો ભાગ, તે પ્રમાણયુક્ત હોવાથી તે ભાગથી સહિત જે સંસ્થાન તેને સ + આદિ = સાદિ સંસ્થાન કહેવાય છે.

કુબ્જ સંસ્થાન: શરીરના મુખ્ય ચાર અંગો મસ્તક, ગ્રીવા (ગળુ), હાથ અને પગ, સામુદ્રિકશાસ્ત્રમાં કહેલા લક્ષણો અને પ્રમાણોથી યુક્ત હોય અને બાકીના છાતી-પેટ-પીઠ વગેરે અંગો લક્ષણ વગરના હોય તેને કુબ્જ સંસ્થાન કહેવાય છે.

વામન સંસ્થાન: કુબ્જથી ઉલટું સંસ્થાન અર્થાત્ મસ્તક, ગ્રીવા, હાથ અને પગ આ ચાર જેમાં લક્ષણહીન હોય અને બાકીના અવયવો છાતી-પેટ-પીઠ વગેરે પ્રમાણયુક્ત હોય તે વામન સંસ્થાન.

હુંડક સંસ્થાન: જેમાં શરીરના સર્વ અંગો અવ્યવસ્થિત એટલેકે શાસ્ત્રના લક્ષણોથી રહિત હોય તે હુંડક સંસ્થાન.

(૯:) વર્ણ: વર્ણ એટલે રૂપ, શરીરનો રંગ. વર્ણ પાંચ છે. કૃષ્ણ (શ્યામ), નીલ (લીલો) રક્ત (લાલ), પીત (પીળો) અને શુક્લ (સફેદ)

જે કર્મના ઉદયથી ૧) કાજળ જેવો કાળો (શ્યામ) વર્ણ મળે તે કૃષ્ણવર્ણનામ કર્મ. ૨) શરીર પોપટની પાંખ જેવું લીલા વર્ણવાળુ બને તે નીલવર્ણનામકર્મ.
૩) શરીર મજીઠ જેવા લાલરંગવાળુ બને તે રક્તવર્ણ નામકર્મ ૪) સુવર્ણ જેવો પીળો વર્ણ પ્રાપ્ત હોય તો પીતવર્ણ નામકર્મ અને ૫) બગલાની જેમ સફેદ વર્ણ પ્રાપ્ત હોય તો શ્વેતવર્ણ નામ કર્મ.
આ પ્રમાણે વર્ણનામકર્મના પાંચ ભેદ છે.

(૧૦) ગંધનામ કર્મ: ગંધ બે પ્રકારની છે. સુગંધ અને દુર્ગંધ. જે કર્મના ઉદયથી શરીર સુગંધિ હોય તે સુગંધિનામ કર્મ અને દુર્ગંધિ હોય તો દુર્ગંધિ નામકર્મ.

(૧૧) રસનામ કર્મ: રસ પાંચ પ્રકારનો છે. તિક્ત (તીખો), કટુ (કડવો), કષાય (તૂરો), આમ્લ (ખાટો) અને મધુર.

જે કર્મના ઉદયથી પ્રાણીઓના શરીરમાં :—

- મરચા જેવો તીખો રસ પ્રાપ્ત હોય તે તિક્તરસનામ કર્મ
- લીંબડા જેવો કડવો રસ પ્રાપ્ત હોય તે કટુરસનામ કર્મ
- આમળા જેવો તૂરો રસ પ્રાપ્ત હોય તે કષાયરસનામ કર્મ
- આંબલી અને લીંબુ જેવો ખાટો રસ પ્રાપ્ત હોય તો આમ્લરસ નામ કર્મ
- સાકર જેવો મીઠો રસ પ્રાપ્ત હોય તે મધુરરસ નામ કર્મ.

(૧૨) સ્પર્શનામ કર્મ:- શરીરની ત્વચા (skin) આદિનો સ્પર્શ જે કર્મના ઉદયથી હોય તે સ્પર્શનામ કર્મ.
સ્પર્શના આઠ ભેદ છે.
મૃદુ, કર્કશ, સ્નિગ્ધ, રૂક્ષ, શીત, ઉષ્ણ, ગુરૂ અને લઘુ
જે કર્મના ઉદયથી શરીરમાં ચામડીનો સ્પર્શ કમળ જેવો મૃદુ, પત્થરના જેવો કર્કશ, ઘીના જેવો સ્નિગ્ધ (ચીકણો) રાખ જેવો રૂક્ષ (લુખો), પાણીના જેવો શીતળ, અગ્નિના જેવો ઉષ્ણ, લોખંડના જેવો ગુરુ (ભારે) અને રૂના જેવો લઘુ (હલકો) પ્રાપ્ત થાય તે અનુક્રમે મૃદુઆદિ આઠ પ્રકારના સ્પર્શનામકર્મ કહેવાય છે.

(૧૩) આનુપૂર્વીનામ કર્મ: જીવને મૃત્યુ પામ્યા પછી એક ભવમાંથી બીજા ભવમાં જતાં, વચગાળાના ક્ષેત્રમાં સમશ્રેણીએ જતા જીવને વક્રા ગતિ કરવામાં બળદના નાકમાં નાખેલી રાશની જેમ જે કર્મ કારણ બને છે તે કર્મ આનુપૂર્વીનામ કર્મ કહેવાય છે.
બીજા અધ્યાયના સૂત્ર 2-29 "અનુશ્રેણિ ગતિ:" સૂત્ર પ્રમાણે મૃત્યુ પછી જીવ આકાશપ્રદેશોની સમશ્રેણીએ જ પરભવ તરફ જાય છે. પરંતુ પરભવનું ઉત્પત્તિ સ્થાન સમશ્રેણીમાં જો ન આવતું હોય તો વક્રા ગતિ કરવી પડે છે. તે વક્રાગતિ કરાવનારું આ કર્મ છે. એટલે આનુપૂર્વીકર્મનો ઉદય જીવને એક ભવથી છૂટ્યા પછી બીજા ભવમાં પહોંચતા પહેલા વચગાળાના ક્ષેત્રમાં વિગ્રહગતિમાં જ હોય છે.

જેટલીવાર વક્રાગતિ કરવી પડે ત્યાં સુધી આ કર્મ ઉદયમાં વર્તે છે. જો એક વક્રાગતિ કરવાથી ઉત્પત્તિ-સ્થાન આવતું હોય તો ૧ સમય, બે વક્રા કરવાથી ઉત્પત્તિસ્થાન આવતું હોય તો ૨ સમય સુધી આ કર્મ ઉદયમાં હોય છે.

જીવ ચાર ગતિમાં ઉત્પન્ન થાય છે માટે ચાર ગતિના નામ પૂર્વક ચાર આનુપૂર્વી છે. ૧) નરકાનુપૂર્વી ૨) તિર્યંચાનુપૂર્વી ૩) મનુષ્યાનુપૂર્વી અને ૪) દેવાનુપૂર્વી નરકગતિ તરફ જતાં જે વક્રા કરાવે તે નરકાનુપૂર્વી નામકર્મ. એમ બાકીની આનુપૂર્વી નામ કર્મ ના ભેદ સમજી લેવા.

(૧૪) વિહાયોગતિ નામકર્મ:

નામ કર્મની ચૌદ પિંડપ્રકૃતિઓમાંની પ્રથમ પ્રકૃતિ પણ ગતિ" જ છે. તેથી તેનાથી ભિન્ન સમજાવવા આ પ્રકૃતિમાં ગતિ શબ્દની આગળ વિહાયસ્ શબ્દ લગાડેલો છે. વિહાયસ્ એટલે આકાશ. આકાશમાં થતી ગતિ તે વિહાયોગતિ. આ શબ્દાર્થ છે એનો ભાવાર્થ ગતિ કરવી તે છે. આ કર્મના બે ભેદ છે. શુભ અને અશુભ. જે કર્મના ઉદયથી જીવની ચાલ હાથી, બળદ કે હંસ જેવી શુભ હોય તે શુભ વિહાયોગતિ નામકર્મ. જે કર્મના ઉદયથી જીવની ચાલ ઊંટ, ગધેડા, કાગડા જેવી અશુભ હોય તે અશુભ વિહાયોગતિ નામ કર્મ.

આ પ્રમાણે કુલ ૧૪ પિંડપ્રકૃતિઓના ભેદો સમજાવ્યા.

પિંડ પ્રકૃતિઓના મૂળ ભેદ ૧૪
પિંડ પ્રકૃતિઓના પેટા ભેદ ૬૫
બંધન નામકર્મના પાંચને બદલે ૧૫ ભેદ ગણવાના
પિંડ પ્રકૃતિઓના પેટા ભેદ ૭૫ થઈ જાય.
પિંડ પ્રકૃતિઓના ભેદો અને પ્રતિભેદો નીચે પ્રમાણે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) ગતિ નામકર્મના | ૪ | (૬) સંઘાતન નામકર્મના | ૫ | (૧૧) રસ નામકર્મના | ૫ |
| (૨) જાતિ નામકર્મના | ૫ | (૭) સંઘયણ નામકર્મના | ૬ | (૧૨) સ્પર્શ નામકર્મના | ૮ |
| (૩) શરીર નામકર્મના | ૫ | (૮) સંસ્થાન નામકર્મના | ૬ | (૧૩) આનુપૂર્વી નામકર્મના | ૪ |
| (૪) અંગોપાંગ નામકર્મના | ૩ | (૯) વર્ણ નામકર્મના | ૫ | (૧૪) વિહાયોગતિ નામકર્મના | ૨ |
| (૫) બંધન નામકર્મના (અથવા ૧૫) | ૫ | (૧૦) ગંધ નામકર્મના | ૨ | | |

કુલ પેટા ભેદો: ૪+૫+૫+૩+૫+૫+૬+૬+૫+૨+૫+૮+૪+૨ = ૬૫
અથવા: ૪+૫+૫+૩+૧૫+૫+૬+૬+૫+૨+૫+૮+૪+૨ = ૭૫

શંકા: બંધન નામકર્મના તો પાંચ ભેદ જણાવ્યા. પંદર કઈ રીતે કહ્યો?

સમાધાન: કેટલાક આચાર્યો બંધનનામ કર્મના પાંચને બદલે ૧૫ ભેદ ગણે છે.

ઔદારિક શરીરના પુદ્ગલોની સાથે નવા ઔદારિક પુદ્ગલોનું જે જોડાણ થાય તે બંધન શુદ્ધ ગણાયું. તેવા જ રીતે ઔદારિક-તૈજસ, ઔદારિક-કાર્મણ અને ઔદારિક-તૈજસ કાર્મણ બંધન ગણવાના કુલ ૪ બંધન નામકર્મ થયા. તેજ રીતે વૈક્રિય અને આહારક બંધન નામકર્મના ૪-૪ ભેદ ગણાયા.

તૈજસ બંધન નામ કર્મ નો જોડ છે તેમાં તૈજસ તૈજસ બંધન અને તૈજસ કાર્મણ બંધન એમ બે થયા. એટલું જ કાર્મણ બંધન .. વળી તેનું કાર્મણ કાર્મણ બંધન એમ એક થયું.
એટલે પાંચ બંધનને બદલે પંદર બંધન થાય છે.

ઔદારિક બંધનના ૪ + વૈક્રિય બંધનના ૪ + આહારક બંધનના ૪ + તૈજસ બંધનના ૨ + કાર્મણ બંધન ૧ = ૧૫

## પ્રત્યેક પ્રકૃતિઓના આઠ (૮) ભેદ:

જેમાં નામકર્મના પેટાભેદો નથી અર્થાત્ એક એક કર્મપ્રકૃતિ જ છે, તે પ્રત્યેક પ્રકૃતિઓ કહેવાય છે. જોકે આવા પ્રકારની એક એક પ્રકૃતિ નામકર્મમાં ૨૮ છે. તે અઠ્ઠાવીસ પ્રકૃતિઓમાં ત્રસદશક ની ૧૦ પ્રકૃતિઓ અને સ્થાવર દશકની ૧૦ પ્રકૃતિઓ દશ દશના સમૂહરૂપે જુદી ગણવામાં આવે છે. ૧૦+૧૦=૨૦ સિવાયની બાકીની આઠ જ પ્રત્યેક પ્રકૃતિઓ તરીકે પ્રસિદ્ધ છે. આ આઠ પ્રત્યેક પ્રકૃતિઓના અર્થ સમજીએ.

(૧) **પરાઘાત નામકર્મ:** જે કર્મના ઉદયથી જીવનો પ્રભાવ એવો હોય કે સામેનો બળવાન માણસ (અથવા તેનો વિરોધી માણસ) પણ દબાઈ જાય, અથવા અંજાઈ જાય. ઈર્ષ્યામાં વિરોધી હોવા છતાં પણ કંઈ બોલી શકે નહિ. આવા પ્રકારના પ્રભાવની પ્રાપ્તિ કરાવનારું કર્મ તે પરાઘાત નામકર્મ.

(૨) **ઉચ્છ્વાસ નામકર્મ:** જે કર્મના ઉદયથી જીવ શ્વાસ-ઉચ્છ્વાસ સુખે સુખે લઈ શકે અને મૂકી શકે અર્થાત્ શ્વાસ-ઉચ્છ્વાસ લેવા-મૂકવામાં કોઈ પણ જાતની તકલીફ ન પડે તેવું કર્મ તે ઉચ્છ્વાસ નામકર્મ.

(૩) **આતપ નામકર્મ:** જે કર્મના ઉદયથી જીવોનું શરીર શીત (ઠંડુ) હોવા છતાં બીજાને ઉષ્ણ પ્રકાશ આપે તેને આતપ નામકર્મ કહેવાય છે. આતપ નામકર્મનો ઉદય સૂર્યના વિમાનમાં રહેલા પૃથ્વીકાય જીવો (રત્નો) ને જ હોય છે. બીજા જીવોને આતપનામકર્મનો ઉદય હોતો નથી.

શંકા: અગ્નિકાયના જીવો પણ ઉષ્ણ પ્રકાશ તો આપે જ છે. તો શું તેઓને આતપનામકર્મનો ઉદય છે તેમ ન મનાય?

સમાધાન: ના. કારણ કે તેઓ પોતે શીતળ નથી. આતપ-નામકર્મનો ઉદય એવો હોય કે સ્વયં પોતે અનુષ્ણ(શીત) હોય અને બીજાને ઉષ્ણ પ્રકાશ આપે. આ વ્યાખ્યા અગ્નિકાયના જીવમાં લાગુ પડતી નથી.

શંકા: અગ્નિકાયના જીવોને જો આતપનામકર્મનો ઉદય ન હોય તો તેઓ લાલ (રક્ત) અને ઉષ્ણ (ગરમ) કેમ જણાય છે?

સમાધાન: રક્તતા અને ઉષ્ણતા એ આતપનામકર્મના ઉદયથી નથી. જે રક્તતા દેખાય છે તે રક્ત વર્ણનામકર્મના ઉદયથી છે અને જે ઉષ્ણતા જણાય છે તે ઉષ્ણ સ્પર્શ-નામકર્મના ઉદયથી છે.

(૭) ઉદ્યોત નામકર્મ: જે કર્મના ઉદયથી જીવનું શરીર અનુષ્ણ (શીતળ) પ્રકાશ આપનારું બને તે ઉદ્યોત નામ-કર્મ સમજવું. આ કર્મ ચંદ્ર, નક્ષત્ર, ગ્રહ અને તારાના વિમાનમાં રહેલા પૃથ્વીમય જીવો તથા વાદળીઓના પાણીના અપકાય જીવો તથા કેટલાક વનસ્પતિકાય જીવો, આગીયા (Fire bugs) તથા શીતળતાના આપનારા કેટલાક ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચોને પણ હોય છે. વૈક્રિય તથા આહારક શરીરની રચના વખતે મનુષ્યોને પણ હોય છે. દેવોને પણ ઉત્તરવૈક્રિય શરીરની રચના વખતે હોય છે.

(૫) અગુરુલઘુ નામકર્મ: જે કર્મના ઉદયથી જીવને પોતાનું શરીર ભારે પણ ન લાગે અને હલકું પણ ન લાગે તે અગુરુલઘુ નામકર્મ. હાથી પોતાના વજનદાર શરીરને હાથીને ફૂરે ફરતાં ભારે ન લાગે અને કીડી પોતાનું શરીર હાથીનો ચાલે તો હલકું ન લાગે. મનુષ્યોને પણ આ કર્મનો ઉદય હોય છે. આ કર્મનો ઉદય સર્વ સંસારી જીવોને તેરમા ગુણઠાણા સુધી હોય છે.

(૬) તીર્થંકર નામકર્મ: જે કર્મના ઉદયથી જીવ, સંસારથી તારનારા ચતુર્વિધ સંઘ રૂપી જંગમ તીર્થની સ્થાપના કરી શકે, ત્રણે જગતને પૂજનીય બને અને ચોત્રીસ અતિશય રૂપ તીર્થંકરપણાની પદવી પામે તે તીર્થંકરનામ કર્મ. આ કર્મનો ઉદય પાંચ ભરત અને પાંચ ઐરાવત ક્ષેત્રોમાં થતા ચોવીસ ચોવીસ તીર્થંકર ભગવંતોને તથા મહાવિદેહ ક્ષેત્રમાં હાલમાં (વર્તમાનમાં) વિચરતા વીસ વિહરમાન ભગવંતોને તથા ઉત્કૃષ્ટ થી મહાવિદેહમાં વિચરતા ૧૬૦ તીર્થંકર ભગવંતોને હોય છે. આ કર્મ બાંધવાના ત્રીજા ભવમાં જ ઉત્તમ જીવો ધર્મ પમાડવાની ઉત્તમ ભાવનાથી નિકાચિતપણે બંધાય છે.

(૭) નિર્માણ નામકર્મ: જે કર્મના ઉદયથી શરીરના દરેક અંગોની અને ઉપાંગોની પોતપોતાના નિયત સ્થાને રચના થાય તે નિર્માણ નામકર્મ. અંગોપાંગનામ કર્મ શરીરના અંગો-ઉપાંગો અને અંગોપાંગોની રચના કરી આપે છે પણ તે સર્વ અવયવોને યથાસ્થાને ગોઠવવાનું કામ નિર્માણ નામકર્મ કરે છે. આ કર્મ ૧૩મા ગુણસ્થાનક સુધી સર્વ જીવોને ઉદયમાં હોય છે.

(૯) ઉપઘાત નામકર્મ: જે કર્મના ઉદયથી જીવ પોતાના જ શરીરના અવયવોથી ખોડખાંપણના (defects) કારણે દુઃખી થાય તે ઉપઘાત નામકર્મ. જેમ કે શરીરમાં રસોળી થવી, ડબલ દાંત હોવા, ખૂંધ નીકળવી, છ આંગળીઓ મળી, ચોરે દાંત પડવા વગેરે હોય તો ઉપઘાતનામકર્મનો ઉદય છે તેમ સમજવું.

## ત્રસ અને સ્થાવર દશક

આ બંને પ્રતિપક્ષી હોવાથી સાથે વિચારીએ.

(૧-૨) ત્રસ-સ્થાવર નામકર્મ:

જે કર્મના ઉદયથી, પોતાની ઈચ્છા પ્રમાણે જીવ એક સ્થાનેથી બીજા સ્થાને જઈ શકે તે ત્રસનામકર્મ. બેઈન્દ્રિય અને તેથી વધુ ઈન્દ્રિયવાળા જીવોને ત્રસ નામકર્મનો ઉદય હોય છે. વાયુકાય અને તેઉકાયના જીવો અન્યસ્થાને જઈ શકે છે પણ તેમાં તેમની ઈચ્છા કારણ નથી, સ્વાભાવિક રીતે ગતિ થાય છે માટે તે જીવોને આ કર્મનો ઉદય હોતો નથી. ગતિથી ત્રસ કહ્યા છે.

સ્થાવર નામકર્મ: એક જ સ્થાને સ્થિર રહે. એક જ સ્થાને સ્થિર રહેલા સ્થાવર જીવો પોતાની ઈચ્છાપ્રમાણે ગમનાગમન ન કરે.

શંકા: તેઉકાય-વાઉકાયને ત્રસ કહેવાય છે તો શું તેમને ત્રસનામકર્મનો ઉદય હોય?

સમાધાન: ના. તેઉકાય-વાઉકાયને સ્થાવર નામ કર્મનો જ ઉદય હોય છે. વાયુ સ્વયં ગમન કરે છે. માટે ગતિથી બંને ત્રસ કહેવાય છે.

શંકા: પાણી પણ ઢાળ મળે તો ગતિ કરે છે, ઝાડ પણ વાયુથી હાલે છે. તો પૃથ્વી-પાણી-વનસ્પતિને ત્રસ કેમ ન કહ્યા?

સમાધાન: આ ત્રણે ઢાળ અથવા પવનનો સહારો મળે તો તેના લીધે ગતિ કરે છે સ્વયં પોતે ગતિ કરતા નથી. જ્યારે અગ્નિ અને વાયુ તો બાહ્ય મળતા નિમિત્તની સહાય વિના સ્વયં ગતિ કરે છે માટે તેઉ-વાયુ આ બે જ ગતિત્રસ છે. શેષ ત્રણે સ્થાવર છે. વાસ્તવમાં પાંચે સ્થાવર છે.

(૩-૪) બાદર- સૂક્ષ્મનામ કર્મ:

જે કર્મના ઉદયથી જીવ સ્થૂલ બને, બાદર પરિણામ વાળો બને અર્થાત્ જેનું એક શરીર અથવા ઘણા જીવોના શરીરોના સમૂહને ચક્ષુથી જોઈ શકાય તે બાદરનામકર્મ કહેવાય છે.

સૂક્ષ્મનામકર્મ: સૂક્ષ્મ જીવોના અસંખ્ય શરીરો એક સાથે ભેગા હોય તો પણ ચક્ષુથી જોઈ શકાતા નથી તે સૂક્ષ્મનામ કર્મ.

(૫-૬) પર્યાપ્ત અને અપર્યાપ્ત નામકર્મ:

કોઈ પણ સંસારી જીવો મૃત્યુ પામ્યા પછી અન્યભવમાં જઈને તે ભવનું સંસારી જીવન જીવવા માટે શરીર સંબંધી છ પ્રકારની શક્તિઓ પુદ્ગલોની સહાયથી પ્રગટ કરે છે તે છ પ્રકારની શક્તિઓને પર્યાપ્તિ કહેવાય છે. પર્યાપ્તિ એટલે પુદ્ગલની સહાય દ્વારા પ્રગટ થયેલી શક્તિ. તેના છ ભેદ છે.

૧) આહાર પર્યાપ્તિ ૨) શરીર પર્યાપ્તિ ૩) ઇન્દ્રિય પર્યાપ્તિ
૪) શ્વાસોશ્વાસ પર્યાપ્તિ ૫) ભાષા પર્યાપ્તિ ૬) મન પર્યાપ્તિ

૧) આહાર પર્યાપ્તિ: જે શક્તિ દ્વારા શરીરને બનાવવાને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી, આહાર રૂપે પરિણમાવે તે શક્તિને આહાર પર્યાપ્તિ કહેવાય છે.

૨) શરીર પર્યાપ્તિ: ગ્રહણ કરેલા પુદ્ગલોમાંથી હાડકા-માંસ-લોહી-વીર્ય આદિ રૂપે સાત ધાતુઓનું શરીર જે શક્તિથી બનાવે તે શક્તિનું નામ શરીર પર્યાપ્તિ. આહાર પર્યાપ્તિનો કાળ ૧ સમય, પરંતુ શરીર પર્યાપ્તિનો કાળ અંતર્મુહૂર્ત હોય છે.

૩) ઇન્દ્રિય પર્યાપ્તિ: શરીર રૂપે બનેલા પુદ્ગલોમાં આંખ-કાન-નાક-જીભ વગેરે ઇન્દ્રિયોની રચના કરવાની આત્મામાં ઉત્પન્ન થયેલી શક્તિ તે ઇન્દ્રિય પર્યાપ્તિ.

આ ત્રણ પર્યાપ્તિઓ (આહાર, શરીર અને ઇન્દ્રિય) બધા જીવો (પર્યાપ્તા કે અપર્યાપ્તા) પૂર્ણ કરે છે. કારણકે ત્રણ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પછી જ પરભવનું આયુષ્ય બંધાય છે. તેથી ૧ શ્વાસોચ્છ્વાસમાં ૧૭ ।। ભવ કરનારા જીવો પણ આ ત્રણ પર્યાપ્તિઓ તો પૂર્ણ કરે જ છે.

(૪) શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ: જે શક્તિ દ્વારા શ્વાસ-ઉચ્છ્વાસને યોગ્ય એવા શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરી શ્વાસોચ્છ્વાસ રૂપે પરિણમાવીને શ્વાસ-ઉચ્છ્વાસ રૂપે છોડે તે શક્તિને શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ કહેવાય છે.

(૫) ભાષા પર્યાપ્તિ: ભાષાને યોગ્ય ભાષા વર્ગણાના જે પુદ્ગલો છે તે પુદ્ગલોને ગ્રહણ કરી, ભાષા રૂપે પરિણમાવી તેનું જ અવલંબન લઈને ભાષા રૂપે જે શક્તિથી મુકાય છે તે ભાષા પર્યાપ્તિ કહેવાય છે.

(૬) મનઃપર્યાપ્તિ: મનને યોગ્ય મનોવર્ગણાના જે પુદ્ગલો છે તે પુદ્ગલોને ગ્રહણ કરી મન રૂપે પરિણમાવી, તેનું જ અવલંબન લઈને જે શક્તિથી મનરૂપે વિસર્જન કરાય છે તે શક્તિનું નામ મનઃપર્યાપ્તિ કહેવાય છે.

સર્વે સંસારી જીવો જન્મના પ્રથમ સમયથી જ (અંતરાલે વિગ્રહ ગતિ પૂર્ણ કરીને ઉત્પત્તિસ્થાનમાં આવે તે સમયથી જ) આ છએ પર્યાપ્તિઓ પૂરા કરવાનો આરંભ કરે છે. એકેન્દ્રિય જીવોને પ્રથમની ચાર, સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને છ અને બાકીના, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને મન સિવાયની પાંચ પર્યાપ્તિઓ હોય છે.

આ છ એ પર્યાપ્તિઓ ઉત્પત્તિ સ્થાનના પ્રથમ સમયથી કરવા છતાં કોઈ જીવ પોત પોતાના ભવ યોગ્ય ચાર પાંચ કે છ એ પર્યાપ્તિઓ જે કર્મના ઉદયથી પૂર્ણ કરી શકે છે તે પર્યાપ્ત નામકર્મ કહેવાય છે.

અપર્યાપ્ત નામકર્મ: પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા વિના જ અધુરી પર્યાપ્તિએ જ મૃત્યુ પામે છે તે કર્મ અપર્યાપ્ત નામ કર્મ કહેવાય છે.

(૭-૮) પ્રત્યેક અને સાધારણ નામકર્મ: જે કર્મના ઉદયથી દરેકે દરેક જીવ માત્રને ભિન્ન ભિન્ન શરીરની પ્રાપ્તિ થાય તે પ્રત્યેક નામ કર્મ. જેમ કે દેવ-મનુષ્ય-પંચેન્દ્રિય તિર્યંચ, નારકી, વિકલેન્દ્રિય, પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય અને વૃક્ષાદિ પ્રત્યેક વનસ્પતિકાય, વૃક્ષોમાં મૂળ-થડ, શાખા, પ્રશાખા, ફુલ, પાંદડા, ફળ અને બીજમાં જુદા જુદા જીવો હોય છે. કારણકે દરેકની શરીર રચના ભિન્ન ભિન્ન છે. ગર્ભવતી માતાના બાળકને જેમ માતાથી પોષણ મળે છે તેમ વૃક્ષ આશ્રિત તમામ જીવોને ખાતર-પાણી દ્વારા પોષણ મળે છે. માટે ભિન્ન ભિન્ન શરીર રચના હોવાથી પ્રત્યેક નામકર્મનો ઉદય હોય છે.

સાધારણ નામકર્મ: જે કર્મના ઉદયથી અનંતા જીવોનું એક જ શરીર મળે તે સાધારણ નામ કર્મ, જેમ કે બટાકા, ડુંગળી, લસણ, ગાજર વગેરે અનંતકાય જીવો છે. અનંતકાયને માટે સાધારણ વનસ્પતિકાય, નિગોદ એવા શબ્દો પણ વપરાય છે. આવો પ્રત્યેક અને સાધારણ ભેદ માત્ર વનસ્પતિકાયમાં જ હોય છે.

(૯-૧૦) સ્થિર- અસ્થિર નામકર્મ: જે કર્મના ઉદયથી શરીરમાં રહેલા હાડકા, દાંત વગેરે અવયવો પોતપોતાના સ્થાને સ્થિર જ રહે તે સ્થિર નામકર્મ.

અસ્થિર નામ કર્મ: જે કર્મના ઉદયથી જીભ, આંખ વગેરે અવયવો પોતાના સ્થાને રહીને પણ હલન-ચલન કર્યા કરે તે અસ્થિર નામ કર્મ.

(૧૧-૧૨) શુભ-અશુભ નામકર્મ: જે કર્મના ઉદયથી નાભિની ઉપરના શુભ અવયવો પ્રાપ્ત થાય તે શુભ નામ કર્મ. કોઈના પગ માથા ઉપર કે પીઠ ઉપર વાગે મુકવામાં આવે તો તે રાજી થશે.

અશુભ નામ કર્મ: જે કર્મના ઉદયથી નાભિની નીચેના અશુભ અવયવો પ્રાપ્ત થાય તે અશુભ નામકર્મ. કોઈને પગથી સ્પર્શ કરવાથી દુઃખદાયી લાગે છે.

(૧૩-૧૪) સૌભાગ્ય - દૌર્ભાગ્ય નામકર્મ: જે કર્મના ઉદયથી જીવ બીજાનો ઉપકાર ન કરે છતાં બીજાને વ્હાલો લાગે, લોકો વ્હાલ વરસાવે, ખોટું કામ કરવા છતાં લોકોનો પ્રેમ રહે તે સૌભાગ્ય નામકર્મ.

દૌર્ભાગ્ય નામકર્મ: જે કર્મના ઉદયથી ઉપકાર કરવા છતાં સામેની વ્યક્તિને અપ્રિય લાગે તે દૌર્ભાગ્ય નામ કર્મ.

શંકા: પગના સ્પર્શથી દુઃખ થાય છે માટે નાભિ નીચેના અવયવો અશુભ છે એમ સમજાયું, પરંતુ સ્ત્રીના ચરણ સ્પર્શથી પુરુષને પ્રીતિ થતી પણ જોવાય છે તો પગનો ભાગ અશુભ કેમ કહેવાય?

સમાધાન: તેનું કારણ 'મોહની પ્રબળતા' છે. જેમ વિષ્ટા અશુભ છે છતાં ભૂંડને ગમે છે તેટલા માત્રથી તે શુભ કહેવાતી નથી.

(૧૫-૧૬) સુસ્વર - દુઃસ્વર નામ કર્મ: જે કર્મના ઉદયથી જીવનો કંઠ કોયલ જેવો મધુર અને બીજાને સાંભળતા જ સુખ-આનંદ-હર્ષ ઉત્પન્ન થાય તેવો સુંદર મળે તે સુસ્વર નામ કર્મ.

દુઃસ્વર નામકર્મ: જે કર્મના ઉદયથી કાનને અપ્રિય લાગે તેવા ખરાબ સ્વરની પ્રાપ્તિ થાય તે દુઃસ્વર નામકર્મ.

(૧૭-૧૮) આદેય - અનાદેય નામકર્મ: જે કર્મના ઉદયથી જીવનું વચન સર્વ લોકો માન્ય કરે, લોકોને પ્રીતિ ઉપજાવનારું બને, બોલનાર વક્તાના વચનથી આકર્ષિત લોકો સત્કાર-સન્માન આદિ વિનય કરે તે આદેય નામકર્મ.

અનાદેય નામકર્મ: જે કર્મના ઉદયથી હિતકારક વચનો કહ્યા છતાં લોકો માન્ય ન કરે, લોકો માન-સન્માન વિનય ન કરે તે અનાદેય નામકર્મ.

(૧૯-૨૦) <u>યશ-અયશ નામકર્મ</u>: જે કર્મના ઉદયથી વ્યક્તિની ચારે દિશામાં પ્રશંસા થાય, કીર્તિ ફેલાય તે યશ નામકર્મ.

<u>અયશ નામકર્મ</u>: જે કર્મના ઉદયથી સારા કાર્યો કરવા છતાં નિંદા થાય, અપકીર્તિ ફેલાય તે અયશ નામકર્મ.

<u>શંકા</u>: યશ એટલે પ્રશંસા અને કીર્તિ એટલે પ્રશંસા. આ બંને શબ્દોના અર્થમાં તફાવત ખરો?

<u>સમાધાન</u>: સામાન્યથી બંનેના અર્થમાં ફેર નથી પણ વિશેષથી વિચારીએ તો થોડો ફેર સમજાશે.

દાન અને પુણ્ય કાર્યો કરવાથી જે ખ્યાતિ મળે તે <u>કીર્તિ</u>

પરાક્રમ કે-શૂરવીરતાથી જે ખ્યાતિ મળે તો <u>યશ</u>

એક દિશામાં પ્રસિદ્ધિ ફેલાય તો <u>કીર્તિ</u>

સર્વ દિશામાં પ્રસિદ્ધિ ફેલાય તે <u>યશ</u>

શાસ્ત્રમાં કીર્તિ કરતા યશને મોટો ગણાવ્યો છે.

× ×

આ પ્રમાણે નામકર્મની પિંડ પ્રકૃતિઓ ૧૪, પ્રત્યેક પ્રકૃતિઓ ૮, ત્રસ દશક (૧૦), અને સ્થાવર દશક (૧૦) એમ કુલ ૪૨ ભેદ થયા.

તેમાં ૧૪ પિંડ પ્રકૃતિના પેટા ભેદ પૂર્વે જણાવ્યા મુજબ ૬૫ ગણીએ તો ૬૫ + ૮ + ૧૦ + ૧૦ = ૯૩ ભેદ પણ નામકર્મના થાય છે.

પાંચ બંધનને બદલે ૧૫ બંધન ગણીએ તો ૧૦ની સંખ્યા વધતા નામકર્મના (૯૩+૧૦)= ૧૦૩ ભેદ પણ થાય છે.

વળી બંધન અને સંઘાતનના ભેદો શરીરની અંદર ગણીએ અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પેટા ભેદો ન ગણીએ અને ચાર જ ભેદ ગણીએ તો ૩૯ + ૮ + ૧૦ + ૧૦ = ૬૭ ભેદ પણ થાય.

બંધ-ઉદય-ઉદીરણામાં ૬૭ ભેદો લેવામાં આવે છે જ્યારે સત્તામાં ૯૩ અથવા ૧૦૩ સંખ્યા ગણવામાં આવે છે.